RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

ઓળંગે ગિરી પાંગળો

Press For Disable

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૦ ● અંક : ૧-૨ ● સપ્ટે-ઓક્ટો-૨૦૧૩ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● આજીવન લવાજમ રૂા.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

## એમને જોઈને કહેવું પડે... તમે છો લાજવાબ...

*દિલમાં એકવાર કશુંક કરી બતાવવાના નિર્ધારના દીપક પ્રગટે છે, ત્યારે એની જ્યોતને વા વંટોળ પણ બુઝાવી શકતા નથી. અહીં આવા જ કેટલાક દીવડાની વાત છે. જેશારીરિક ખોડખાંપણ ધરાવે છે, પણ ભલાભલાં તોફાનોમાં ટકી રહીને માત્ર ટટ્ટાર ઊભા જ નથી રહેતા. શારીરિક સુસજ્જલોકોનાં જીવનમાં પ્રકાશ પણ રેલાવે છે.*

*દેવાંશુ દેસાઈ • વિકાસ ઉપાધ્યાય • કેવલ મહેતા*

"અરે, આ મશીન પર આટલી ધૂળ કેમ છે ? ચાલો, ફટાફટ એને સાફ કરો... પેલું મશીન બરાબર ચાલતું નથી એવી ફરિયાદ કોણ કરતું હતું ? ઊભા રહો, હું હમણાં ઠીક કરું છું..." અને પુસ્તક-છપાઈના મશીનનો પ્રોબ્લેમ દૂર કરી કેતન કોઠારી પોતાની કેબિનમાં પાછા આવે છે. ફોનની ઘંટડી બજે છે. "કોણ ? શાહ એન્ટરપ્રાઈઝ ? બોલો બોલો... ભાઈ, તમારો ઓર્ડર કાલે જ ડિસ્પેચ થઈ ગયો. આવજો..."

અઠ્યાવીસ વર્ષના યુવાન કેતન કોઠારી મુંબઈના એક પ્રિન્ટીંગ પ્રેસના જનરલ મેનેજર છે. આખા પ્રેસનો વહીવટ એમને હસ્તક છે. એમના હાથ નીચે સોળ માણસો કામ કરે છે. તમને થશે કે મુંબઈમાં આવા અઢી હજાર કેતન કોઠારી હશે, જે

મેનેજર છે. જો કે કેતન કહે છે, "મેં બહુ મોટી ધાડ મારી હોય એવું મને લાગતું નથી...? " બ્રેઈલ પ્રેસની પોતાની ૩૦૦ ચો.ફૂટની ઓફિસમાં બેસીને કેતન અમારી સાથે પોતાની વાત કરે છે. એમના ટેબલ પર પડેલા ત્રણ ટેલિફોન સતત રણક્યા કરે છે. એ કહે છે, "તમારે તરતા શીખવું છે. તમે પાણીમાં પડો છો. પછી તરો કે મરો. અપંગ વ્યક્તિનું જીવન પણ કંઈ આવું જ હોય છે.સામે પૂરે તરીને કંઈ કરી બતાવો અથવા ઈશ્વરે આપેલી લાચારી સાથે જિંદગી જીવો. મેં વિકલ્પ નંબર એક પસંદ કર્યો." ૧૯૯૫માં એમ.એ. થયા બાદ કેતન નેશનલ બ્લાઈન્ડ એસોસિયેશનમાં

પ્રેરણાદાયી ઉદાહરણ છે :

ગાંધીનગરને અડીને આવેલા સરઢવ ગામની માધ્યમિક શાળાના આચાર્ય વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહાંના પરિવારમાં જન્મેલા કૃષ્ણકાન્ત એક વર્ષના માંડ થયા હશે ત્યારે તાવની ગંભીર બીમારીએ એમના બન્ને પગ લઈ લીધા. શાળા જીવન

સજ્જન છે કે.રામ ક્રિશ્ન. તળ મુંબઈના કફ પરેડમાં આઈડીબીઆઈ ટાવર (ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા)ના અગિયારમા માળે એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસતા રામ ક્રિષ્ન આઈડીબીઆઈ બેન્કના જનરલ મેનેજર (માર્કેટિંગ-ઓપરેશન્સ) છે.

કડવાશ ન ભળે." માર્કેટીંગ અને ઓપરેશન વિભાગના જનરલ મેનેજર હોવાને લીધે રામ ક્રિશ્નને દિવસભર અનેક મિટીંગમાં હાજરી આપવી પડે છે. એમનું દિમાગ કમ્પ્યુટર જેવું હોવા છતાં જરૂર પડ્યે એ કમ્પ્યુટર પણ ચલાવે છે. મલ્ટી મીડીયાવાળા એમના કમ્પ્યુટરના સ્પીકર્સમાંથી

પ્રેસનો વહીવટ એમના હસ્તક છે. એમના હાથ નીચે સોળ માણસો કામ કરે છે. તમને થશે કે મુંબઈમાં આવા અઢી હજાર કેતન કોઠારી હશે, જે યુવાન હશે અને પ્રિન્ટીંગ પ્રેસ કે વસ્ત્રો બનાવતા કારખાના કે પછી બોલપેનની રીફીલ બનાવતી ફેક્ટરીમાં મેનેજર હશે. વેલ, એ બધા કેતન કોઠારી અને આપણા કેતન કોઠારીમાં એક તફાવત છે. આપણા કેતન કોઠારી પાસે દૃષ્ટિ નથી. એ જન્મથી અંધ છે.

હું તો અપંગ, હું શું કરી શકવાનો ? મારામાં કંઈ કરવાની શક્તિ જ નથી એવું વિચારી પોતાનામાંથી શ્રદ્ધા ગુમાવી દેવાનો અર્થ થાય સ્યુસાઈડ. અને એ ખરેખર તો અપંગ માનવીએ પોતાની ચોપાસ ઉભી કરેલી નિરાશાની જાળ છે, પણ એવાય પંગુ આપણા સમાજમાં છે, જેઓ નિરાશાની જાળ ભેદીને બહાર આવ્યા છે. શારીરિક લાચારી બાવજુદ એમના જીવનમાં ઉત્સાહ છે, આશા છે અને આગળ વધવાની ધગશ છે. આ અપંગજનો અથાગ પરિશ્રમ અને સંઘર્ષ કરીને આજે એ સ્થાને પહોંચ્યા છે, જ્યાંથી એ શારીરિક સુસજ્જ એવા લોકોને પ્રેરણા આપે છે.

આવી જ એક ફિઝીકલી હેન્ડીકેપ વ્યક્તિનું નામ છે કેતન કોઠારી. મા-બાપનું એકનું એક સંતાન છે કેતન. આંખોમાં અંધારા સાથે જન્મ. આમ છતાં નાહિંમત થયા વિના, વાસ્તવિકતા સ્વીકારી લઈ કેતને એમ.એ. કર્યું. આજે મુંબઈમાં વરલી સ્થિત નેશનલ બ્લાઈન્ડ એસોસિયેશનમાં બ્રેઈલ પ્રેસના લાચારી સાથે જિંદગી જીવો. મેં વિકલ્પ નંબર એક પસંદ કર્યો.'' ૧૯૯૫માં એમ.એ. થયા બાદ કેતન નેશનલ બ્લાઈન્ડ એસોસિયેશનમાં અંધ વ્યક્તિ માટેના કોરસ્પોન્ડન્ટ કોર્સના કો-ઓર્ડિનેટર તરીકે જોડાયા. માત્ર ત્રણ વર્ષમાં એમને બ્રેઈલ પ્રેસના મેનેજર જેવો જવાબદારીવાળો હોદ્દો સોંપવામાં આવ્યો. બ્રેઈલ પ્રેસમાં અંધજનો માટે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં પુસ્તકો છપાય છે. આ બધાં પુસ્તક પ્રકાશનની જવાબદારી કેતનભાઈ સંભાળે છે. અંધજનો માટે બ્રેઈલ લિપિમાં કમ્પ્યુટર પર લખાણ ટાઈપ કરવાથી લઈને પાનાં બનાવવાની ટ્રેનીંગ પણ એમણે લીધી છે. પ્રેસની કામગીરી માટે એમણે બહારગામ પણ જવાનું થાય છે અને એ એકલા જ જાય છે. સવારે સાડા નવ વાગે કેતન ઓફિસમાં આવી જાય છે. એ કહે છે, ''સવારે હું ઘરેથી નીકળું ત્યારે મગજમાં આખા દિવસની કામગીરીનો પ્લાન તૈયાર હોય છે. એ દિવસે કરવા ધારેલાં કામ સાંજ સુધીમાં થવાં જ જોઈએ તો જ મને જંપ વળે.'' કેતનભાઈ કહે છે કે પોતાની દૃષ્ટિવિહીનતાનો ઓફિસમાં કે જાહેર જીવનમાં આજ સુધી કોઈએ ગેરલાભ ઉઠાવ્યો નથી. ખરેખર માણસના ઈરાદા અને વિચારો બુલંદ હોય તો એને શારીરિક પંગુતા ક્યાંય અને ક્યારેય આડે આવતી નથી. ગુજરાતની રાજધાની ગાંધીનગરથી પ્રસિદ્ધ થતા ગાંધીનગર સમાચાર નામના અખબારના તંત્રી-માલિક કૃષ્ણકાન્ત જહાં આવું જ એક જહોના પરિવારમાં જન્મેલા કૃષ્ણકાન્ત એક વર્ષના માંડ થયા હશે ત્યારે તાવની ગંભીર બીમારીએ એમના બન્ને પગ લઈ લીધા. શાળા જીવન પછી અમદાવાદની એચ.કે.કોમર્સ કોલેજમાંથી સ્નાતક થયા. બી.કોમ. ફાઈનલનું પરિણામ આવે એ પહેલાં જ કૃષ્ણકાન્તનો સચિવાલયમાંથી સરકારી નોકરીનું તેડું આવ્યું. ૧૯૭૨માં એ નોકરીમાં જોડાયા અને થોડાં જ વર્ષમાં એ સચિવાલયના નવ હજાર કર્મચારીના એસોસિયેશનના નાયક બની ગયા. એ વખતે શરૂ થયેલી રોસ્ટર પ્રદ્ધતિના વિરોધમાં આંદોલન છેડેલું અને સરકારને હંફાવેલી. જો કે આખી જિંદગી મલાઈદાર સરકારી નોકરી કરવા કરતાં કૃષ્ણકાન્તભાઈને કશુંક નવું કરવું હતું. અપંગ વ્યક્તિ વળી શું નવું કરી શકે એવી વાતો એમને પડકાર ઝીલવાનું વિશેષ બળ પૂરું પાડતી હતી. અને એક દિવસ એમણે ઘરના સભ્યોને પૂછ્યા વગર નોકરી છોડી દીધી અને અખબાર શરૂ કરવાનું સાહસ કર્યું. આજે સફળતાપૂર્વક એ અખબારનું સંચાલન કરે છે. ''મને ખબર નથી કે હું સફળ છું કે નિષ્ફળ, પણ મને એટલી ખબર છે કે હું જ્યાં છું એનાથી મને સંપૂર્ણ સંતોષ છે.'' શારીરિક અપંગ કૃષ્ણકાન્તભાઈ દર નવરાત્રિમાં હજારો લોકોને રાસ રમાડે છે. એ કહે છે કે શારીરિક લાચારીને કારણે હું દોડાદોડ કરી શકતો નથી, પણ માણસ પારખવાની મારામાં એક કુદરતી શક્તિ છે અને એનાથી હું મારું કામ ચલાવી લઉં છું. કૃષ્ણકાન્તભાઈ જેવા જ અન્ય એક મળવા જેવા આગિયારમા માળે એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસતા રામ ક્રિષ્ન આઈડીબીઆઈ બેન્કના જનરલ મેનેજર (માર્કેટિંગ-ઓપરેશન્સ) છે. રામ ક્રિશ્ન અગિયાર વર્ષના હતા ત્યારે એમની એક આંખનું તેજ હણાયું. એ કોલેજમાં પહોંચ્યા ત્યારે બીજી આંખ ગઈ. એ કારણે વચ્ચે પાંચ વરસ અભ્યાસ બગડ્યો, પણ રામજીએ શાળામાં હતા ત્યારે ગાંઠ વાળેલી કે જીવનમાં માસ્ટર્સ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (એમબીએ) તો કરવું જ. અને ૧૯૮૦ના દાયકામાં એમબીએ કરનાર રામ ક્રિશ્ન પહેલી વહેલી અંધ વ્યક્તિ છે. ૧૯૮૫માં આઈડીબીઆઈમાં જોડાનાર રામ ક્રિશ્ન ત્રણ પ્રમોશન મેળવીને જનરલ મેનેજર બન્યા છે. રામ ક્રિશ્નનું ગણિત એકદમ પાકું. બન્ને આંખ ગુમાવ્યા પછી પણ એ સહપાઠીઓને ગણિત શીખવતા. બદલામાં મિત્રો એમને પુસ્તક વાંચી સંભળાવતા. દક્ષિણની ત્રણ ભાષા ઉપરાંત હિંદી, મરાઠી, સંસ્કૃત અને માતૃભાષા તમિળ એમ સાત ભાષા પર પ્રભુત્ત્વ ધરાવતા રામ ક્રિશ્ન આ બધી જ ભાષામાં ભક્તિગીતો ગાય છે. સિંગાપુરમાં યોજાયેલા એક ભક્તિસંગીતના કાર્યક્રમમાં ગાવા એમને બોલાવવામાં આવ્યા હતા. રામ ક્રિશ્નનો જીવન સિધ્ધાંત છે : ક્યારેય કોઈનો ઉપકાર ન લેવો.

ગરમાગરમ મદ્રાસી કોફીનો કપ અમારા હાથમાં મૂકતાં રામ ક્રિશ્ન કહે છે, '' આનો એક સૌથી મોટો ફાયદો એ થાય કે સંબંધમાં છે. એમનું દિમાગ કમ્પ્યુટર જેવું હોવા છતાં જરૂર પડ્યે એ કમ્પ્યુટર પણ ચલાવે છે. મલ્ટી મીડીયાવાળા એમના કમ્પ્યુટરના સ્પીકર્સમાંથી પડઘાતા અવાજો સાંભળી એ પોતાનો વ્યવહાર ચલાવે છે. રોજબરોજનું ઓફિસનું પેપરવર્ક વાંચવા રામ ક્રિશ્નને બીજાના સહારાની જરૂર નથી. એમણે એમની કેબિનમાં ટોકિંગ સ્કેનર રાખ્યું છે. સ્કેનર પર જરૂરી કાગળ મૂકતાં એમાંનું લખાણ સ્પીકર્સમાંથી સંભળાવા લાગે છે. રામ ક્રિશ્ન કહે છે કે આધુનિક ટેકનોલોજીએ આજના અપંગોના જીવન સરળ બનાવ્યા છે.

રામ ક્રિશ્નના સ્ટેનો કે.ટી. ખત્રી કહે છે, ''આ પહેલા હું બે સાહેબોના હાથ નીચે કામ કરી ચૂક્યો છું. પણ રામ ક્રિશ્ન પહેલા એવા સાહેબ છે, જેમની પાસે રોજ કંઈક નવું શીખવા મળે છે. અવનવી ટેકનોલોજી વિશેનું એમનું જ્ઞાન કમાલનું છે. એ પરફેક્શનના આગ્રહી છે. નાની સરખી ભૂલ પણ એ તરત પકડી પાડે છે.'' રામ ક્રિશ્ન કહે છે કે બાળપણથી જ મારામાં નેતૃત્ત્વના સંસ્કાર સીંચાયેલા છે, હાથ નીચેના કર્મચારી પાસેથી કામ કઢાવવાના રામ ક્રિશ્નના કેટલાક ગોલ્ડન રૂલ છે : તમે બોસ હો ત્યારે તમારી સાથે કામ કરતા કર્મચારીની સારી બાજુને, એમની સક્ષમતાને પ્રકાશમાં લાવો અને એમની નબળાઈ વિશે જાહેરમાં ક્યારેય ટીકા ન કરો. નાનામાં નાની વ્યક્તિને બની શકે તો મદદરૂપ થાઓ. બસ.

(અનુસંધાન છેલ્લા પાને...)

# વિકલાંગ મિત્ર

વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

## "વિકલાંગ મિત્ર" દશમા વર્ષમાં મંગલ પ્રવેશ....!

સર્વે પ્રકારના વિકલાંગજનોના સમગ્ર વિકાસ અંગે ચિંતન અને જાગૃત્ત કરતું સમાચાર પત્ર "વિકલાંગ મિત્ર" સપ્ટે-૨૦૧૩થી દશમા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. આ બાબત જણાવતાં સહર્ષ આનંદ થાય છે. ખરેખર વિકલાંગતા ક્ષેત્રમાં પત્રકારિત્વનો યુગ આવ્યો જ નથી. અમે છેલ્લાં દશ વર્ષથી વિકલાંગતાના ક્ષેત્રની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નોની રજૂઆત કરવા ચોથી જાગીર ગણાતા મીડીયા ક્ષેત્રમાં પદાર્પણ કર્યું ત્યારે જે અનુભવ થયો હતો, એ જ અનુભવ અત્યારે પણ છે. આમેય સમાચાર પત્રો, સામયિકો ચલાવવા એ લોખંડના ચણા ચાવવા સમાન કામગીરી છે.

ગુજરાતમાં વિકલાંગતાના ક્ષેત્રમાં મીડીયા (પત્રકારિત્વ)નો જે વિકાસ થવો જોઈએ તે થયો જ નથી. ગ્રામીણ વિકલાંગજનોને માહિતી અને માર્ગદર્શન માટે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે એ અમે બહુ સારી રીતે જાણીએ છીએ. આ બાબતને અનુલક્ષીને જ "વિકલાંગ મિત્ર"નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આપને જણાવતાં આનંદ થાય છે કે "વિકલાંગ મિત્ર" સમાચાર પત્ર દ્વારા જે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે તેના લીધે ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિકલાંગજનોને ઘણી મદદ અને માર્ગદર્શન મળ્યું છે. શિક્ષણ ક્ષેત્રમાં શિષ્યવૃત્તિ, સંસ્થા પ્રવેશ, સંસ્થા માહિતી વગેરે સામાજિક ક્ષેત્રમાં વિકલાંગ જીવનસાથી પસંદગી અંગે, વિકલાંગોની સમસ્યાઓ અને સમાધાન, રોજગાર સમસ્યા અને સમાધાન, આર્થિક રીતે સ્વાવલંબન અને તે અંગેની સમસ્યાઓ અને સમાધાનની ચર્ચાઓ, વિકલાંગ વ્યક્તિઓએ સાધેલી અદ્‌ભૂત પ્રગતિ અને મેળવેલ સિદ્ધિઓ વગેરે બાબતો "વિકલાંગ મિત્ર"માં પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેણે લીધે અનેક વિકલાંગજનોને પ્રેરણા અને માર્ગદર્શન મળ્યું છે અને એની દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ કર્યો પણ છે જે વિકલાંગ સમાજમાં મોજૂદ છે. જે અમારા માટે ગૌરવરૂપ

# વિકલાંગ વ્યક્તિઓ દ્વારા વિકલાંગ જનો માટેના રાસ-ગરબા

## પી.એચ.એ. ઈન્ટરનેશનલ દ્વારા આયોજીત રાસ-ગરબાનો અહેવાલ - ૨૦૧૩

- જ્યોત્સ્ના સુથાર, અમદાવાદ




નવલી નવરાત્રિમાં જગત-જનની માઁ અંબાના ગુણલા ગાવા સમગ્ર ગુજરાતનું યૌવન હિલોલે ચડતુ હોય ત્યારે વાત અલગ જ હોય છે. નવરાત્રિના નવ દિવસ જ્યાં રાત પડે અને લાઉડ સ્પીકરો ગાજતા થાય અને સૌ ખેલૈયાઓનાં પગ થનગનતા માંડે, હાથ દાંડીયા પકડવા આતુર થાય અને ઉરમાં ઉમંગના છોળો ઉડવા લાગે છે.

આ સમયે કુદરતે જેનો સંપૂર્ણ સ્વસ્થ્ય શરીર આપ્યા છે. એ સૌ તો નીકળીજ પડે છે. પરંતુ જેને શારીરિક ખોડખાંપણ હોય તેને શું ? શું તેઓને ગરબે રમવાની માઁ અંબાની

પ્રિન્ટીંગ સમાચારના પ્રમુખ, ડૉ. રમ્યા નાગાર્જુન - સર્જન, કિડની હોસ્પિટલ, શ્રી દેવેન્દ્રભાઈ વૈશ્યક - દૂરદર્શન નિર્માતા, ડૉ. પ્રવિણભાઈ પંડ્યા - અધ્યક્ષ અપંગ એકતા સમિતિ ઉપસ્થિતિ રહ્યા હતાં. આમંત્રિત મહેમાનોએ તેમના તરફથી અપંગોના બાળકોને આખા વર્ષની શૈક્ષણિક ખર્ચની જવાબદારી લીધી હતી. ઉપસ્થિત મહેમાનોએ અનુભવ્યું કે જે કહેવાતા અપંગ લોકોએ ગરબા ગાયા અને જે આનંદ પ્રાપ્ત કર્યો તેવો આનંદ કદાચ સંપૂર્ણ સ્વસ્થ્ય લોકો પણ પ્રાપ્ત નહીં કરતા હોય. વિવિધ ક્ષતિગ્રસ્ત લોકો પોતાના ગ્રૂપ બનાવી ગરબા

સહારે ચાલતા હોય તેવા - મેઈલ તથા ફીમેઈલ (૪) ૧૨ વર્ષ સુધીના બાળકોમાં બેસ્ટ ફીમેઈલ (૫) બેસ્ટ ડ્રેસીંગ - મેઈલ તથા ફીમેઈલ

આ ઉપરાંત આવેલા તમામ ૧૨ વર્ષ સુધીના બાળકોને ટોકન ગીફ્ટ આપવામાં આવી હતી. અને ફા મેમ્બર શ્રી કિરીટભાઈ તરફથી તમામ સભ્યોને દીવી ટોકન રૂપે ગીફ્ટ આપવામાં આવી હતી. ફા ઈન્ટરનેશનલ તરફથી રાસ ગરબા રમવા માટે દરેક સભ્યને દાંડીયા આપ્યા હતાં. પી.એચ.એ. ઈન્ટરનેશનલ ગ્રુપની કમિટીના સભ્યોએ અલગ-અલગ જગ્યાએથી

મિત્ર''માં પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેણે લીધે અનેક વિકલાંગજનોને પ્રેરણા અને માર્ગદર્શન મળ્યું છે અને એની દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ કર્યો પણ છે જે વિકલાંગ સમાજમાં મોજૂદ છે. જે અમારા માટે ગૌરવરૂપ બાબત છે.

''વિકલાંગ મિત્ર''ને જે મહાનુભાવોએ, સંસ્થાઓએ અને કોર્પોરેટ ગૃહોએ સહાય કરી છે અને કરી રહ્યા છે એવા તમામનો અત્યંત આદર સાથે આભાર માનીએ છીએ. ''વિકલાંગ મિત્ર'' એ વિકલાંગતા ક્ષેત્રનું મીડીયા છે. જેના વિકાસમાં આપનો સહયોગ જરૂર મળશે એવી અભ્યર્થના સહ... નવા વર્ષના સાલ મુબારક...

**પૂર્ણ વિરામ...**

કમાલે બુઝદિલી હૈ મસ્ત હોતા અપની આંખો સે,
અગર થોડીસી હિંમત હો તો ફીર કયા નહિ હો શકતા...?

- અકબસ્ત


સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ગ્રાહક બંધુઓને દિપાવલીનું મહાપર્વ જીવનમાં સુખના રંગ લાવે તથા નવા વર્ષનું આગમન દરેકને પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...

**નૂતન વર્ષાભિનંદન**



**પટેલ નારણભાઈ જીવણદાસ (માઢીવાળા)**

રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી

**ફર્મ :- હરસિધ્ધ ટ્રેડર્સ , સ્વસ્તીક ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે, હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા

મો.નં. :- ૯૪૨૬૮૩૭૨૬૦, ૯૭૨૭૭૭૩૫૧૯


સંપૂર્ણ સ્વસ્થ્ય શરીર આપ્યાં છે. અ સૌ તો નીકળીજ પડે છે. પરંતુ જેને શારીરિક ખોડખાંપણ હોય તેને શું ? શું તેઓને ગરબે રમવાની માઁ અંબાની ભક્તિ કરવાની કોઈ ઈચ્છા ન થાય ? જરૂર થાય. અમદાવાદ સ્થિત પી.એચ.એ. ઈન્ટરનેશનલ દ્વારા ત્રીજી વખત માત્ર શારીરિક અપંગતાવાળા યુવક યુવતીઓ માટે રાસ-ગરબાનું આયોજન તા. ૬ ઓકટોબર ૨૦૧૩ના રોજ નિરવ ફાર્મ અને પાર્ટી પ્લોટ, રાણીપ રોડ, નવા વાડજ ખાતે સાંજે ૬-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધીનું આયોજન કર્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી આમંત્રિત આશરે ૬૦૦ જેટલા વિકલાંગ યુવક યુવતીઓ તથા ૨૦૦ જેટલા વાલીઓ કે કુટુંબીજનો સાથે મળી આશરે ૮૦૦ જેટલા રાસ-ગરબામાં ભાગ લેવા આવેલા અને અશક્ત વિકલાંગો માટે વ્હીલચેર સાથે મદદનીશની વ્યવસ્થા કરેલી હતી.

સૌ પ્રથમ પ્રોગ્રામની શરૂઆત કિર્તી પટેલ દ્વારા પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું સ્વાગત સભ્યો દ્વારા કરવામાં આવ્યુ.આ પ્રસંગે તેઓને પ્રોત્સાહન આપવા માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન) કોર્પોરેટર, શ્રી કાંતીભાઈ પટેલ, રોડ-બિલ્ડીંગ ના ચેરમેન, શ્રી ધર્મસિંહ દેસાઈ બોળકદેવના કોર્પોરેટર, ડૉ. જનકભાઈ શાહ - લીંમડી કોલેજમાં પ્રોફેસર, શ્રી નરેન્દ્રભાઈ પરમાર - અને જે આનંદ પ્રાપ્ત કર્યો તેવો આનંદ કદાચ સંપૂર્ણ સ્વસ્થ્ય લોકો પણ પ્રાપ્ત નહીં કરતા હોય. વિવિધ ક્ષતિગ્રસ્ત લોકો પોતાના ગ્રુપ બનાવી ગરબા ગાઈ રહ્યા હતાં. કેટલાક જમીન પર બેસી સામ સામે અને ગોળ સર્કલમાં ડાંડીયાનો આનંદ લેતા હતા તો કેટલાય વ્હીલચેર પર બેસીને અને કેટલાક ઉભા રહીને નાના રાઉન્ડમાં પોત પોતાની રીતે ગરબા ગાઈ અદ્‌ભુત આનંદ મેળવી રહ્યા હતા. આવા અદ્‌ભુત કાર્યક્રમને જોવા માણવાનો લ્હાવો પણ અનેરો આનંદ આપી ગયો. આ પ્રોગ્રામમાં સુંદર ભોજનનું આયોજન કરેલ હતું. દરેક વ્યક્તિએ તેમના ખુરશી-ટેબલ પર બેસી ભોજન લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી અને રાસ-ગરબામાં ૧૫ મિનીટનાં વિરામ ટાઈમે ઠંડા-પીણા આપવામાં આવેલાં. આવા અદ્‌ભુત ગરબાના કાર્યક્રમ સાથે સૌને વિશેષ પ્રોત્સાહન મળે તે આશયથી આયોજકોએ વિવિધ ઈનામો ફા મેમ્બર કલ્પેશ ચૌધરી અને દિપાલી ચૌધરી તરફથી જાહેર કર્યા હતા. જેમાં નીચે મુજબ કેટેગરી બનાવી હતી અને અને બે મોબાઈલ ફોન તથા લાફીંગ મેન જેવા ઈનામરૂપે આપવામાં આવ્યા હતાં. વિવિધ કેટેગરીઓ નીચે મુજબ હતી.

(૧) વ્હીલચેર પર બેઠેલા તથા નીચે બેસીને ગરબા ગાતા હોય તેવા બેસ્ટ મેઈલ તથા ફીમેઈલ (૨) માઈનોર ડીસેબલ - મેઈલ તથા ફીમેઈલ (૩) ક્રચીસ (ઘોડી) તથા એલ્બો સ્ટીક ના રમવા માટે દરેક સભ્યને દોડાવ્યા આપ્યા હતાં. પી.એચ.એ. ઈન્ટરનેશનલ ગ્રુપની કમિટીના સભ્યોએ અલગ-અલગ જગ્યાએથી ડોનેશન, પાસની વહેચણી, જાહેરાતો લાવવી વગેરે કામગીરી બજાવી હતી. મુખ્ય કમિટી સભ્યો નીચે મુજબ છે. પૂજા મહેતા, રૂપેશ સંઘવી, પૌરીન શાહ, જ્યોત્સ્ના સુથાર, રાજેશભાઈ શાહ, કેતકી શાહ, ફાલ્ગુની ગજ્જર, હરદીપ દવે, મહેશભાઈ વસાણી, નવીન શર્મા, રાજવી ગોસલીયા, શિવાની પંચાલ, આશા ચાવડા, પ્રિયંકા પટેલ, કમલેશ સોની, ફેનીલ શાહ, જયસુખ પટેલ, નિલેશ વૈશ્યક અન્ય સભ્યોએ આ પ્રોગ્રામમાં શરૂઆતથી લઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ સુધી તેમની સેવા આપી હતી. આ રાસ-ગરબાનું મનોરંજન કુશ બેંકર તરફથી કરવામાં આવ્યું હતું. ●

## પ્યાસા

જીગરના જામ છલકાવી રહ્યા છે,
છતાં મહેફિલમાં પ્યાસા છે કોઈ.
વધુ કેમ કહું, સમજાવી શકાય નહીં,
છતાં આરઝુના ટુકડા છે કોઈ.
ગુસ્સો કરવાની આદત પડી ગઈ છે,
છતાં પ્રેમદીપની જ્યોત છે કોઈ.
ફૂલોની પથારી પર ચાલતા રહ્યા,
છતાં કાંટા ઈચ્છે છે કોઈ.
ઝખ્મ દિલમાં ઊંડે ઊંડે ભીંસે છે,
છતાં આંસુ સારી જીવે છે કોઈ.
સખી પળપળ યાદીમાં ઝુરીને,
છતાં યાદમાં તડપે છે કોઈ.

- દર્શિતા શાહ ''સખી''

## વિજાપુર નગરવાસીઓને દિપાવલીનું મહાપર્વ જીવનમાં સુખના રંગ લાવે તથા નવા વર્ષનું આગમન દરેકને પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...

## HAPPY DIWALI & HAPPY NEW YEAER



પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં દશ વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર ''વિકલાંગ મિત્ર'' દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે ''વિકલાંગ મિત્ર'' માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **"વિકલાંગ મિત્ર"**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@ yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**
**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧**
**viklangmitra@yahoo.com**

### "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્વાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ



પ્રતિકભાઈ બારોટ
પ્રમુખશ્રી,
વિજાપુર નગરપાલિકા,
વિજાપુર

(૩) શ્રી કનુભાઈ શેલાર, પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ

આપશ્રીને ''વિકલાંગ મિત્ર''ના આજીવન સભ્ય બની સહયોગ આપવા નમ્ર વિનંતી છે. આજીવન સભ્યશ્રીઓને ધન્યવાદ. તંત્રીશ્રી




## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુરના

### નુતન વર્ષાભિનંદન

ઓફિસ ફોન નં. ૨૨૦૦૦૧



શ્રી રમણભાઈ ડી. પટેલ
ચેરમેન

બજાર સમિતિ, વિજાપુરના બજાર વિસ્તારમાં ખેતી ઉત્પન્ન ચીજો વેચવા લાવતા ખેડૂત ભાઈઓ તથા વેપારી ભાઈઓને તથા તાલુકાના તમામ નાગરિકોને બજાર સમિતિ, વિજાપુર નવા વર્ષના નુતન વર્ષાભિનંદન પાઠવે છે.



શ્રી અતુલભાઈ બી. પટેલ
વા. ચેરમેન

- બજાર સમિતિના વિજાપુર મુખ્ય માર્કેટ યાર્ડ તથા કુકરવાડા, ગોજારિયા સબ માર્કેટ યાર્ડોમાં કપાસ તથા અનાજ, તેલિબિયાનું ખરીદ વેચાણ સારા પ્રમાણમાં થાય છે અને વિજાપુર તથા લાડોલ સબ યાર્ડોમાં તમાકુનું ખરીદ-વેચાણની વ્યવસ્થા છે. વિજાપુર શાકભાજી સબ માર્કેટ યાર્ડમાં શાકભાજીનું ખરીદ-વેચાણ સારા પ્રમાણમાં થાય છે.

### સગવડો

- વિજાપુર મુખ્ય યાર્ડ અને કુકરવાડા-ગોજારિયા-લાડોલ-વિજાપુર તમાકુ તથા વિજાપુર શાકભાજી પાંચ સબ જુદા જુદા સબ-યાર્ડો.
- અંદાજે રૂા. ૬૦૦ કરોડનું ખેતી પેદાશનું ખરીદ-વેચાણનું બજાર.
- માર્કેટ યાર્ડોમાં ખેડૂતોને પોતાના ખેત પેદાશના રોકડા નાણાં, ખરૂં તોલ અને વ્યાજબી પોષણક્ષમ ભાવો મળી રહે છે.
- માર્કેટ યાર્ડોમાં ખેડૂતોને માલની ખુલ્લી જાહેર હરાજી કરવામાં આવે છે, અને માલનું ઈલેક્ટ્રીક વજન કાંટાથી વજન થાય છે.
- માર્કેટ યાર્ડમાં મિનરલ પાણી, વોટરકુલરની સગવડ, ખેડૂત વિશ્રામગૃહ, શુધ્ધ સાત્વિક અને વ્યાજબી ભાવે ભોજનની સગવડ, તમામ માર્કેટ યાર્ડોમાં ગોડાઉનની વ્યવસ્થા.
- ખેડૂત તાલીમ કેન્દ્ર, જમીન ચકાસણીની પ્રયોગશાળા, વે-બ્રીજ, ફાયર ફાઈટર, એમ્બુલન્સ વગેરે સવલતો આપવામાં આવે છે. ખાસ નોંધ :- વિજાપુર મુખ્ય માર્કેટ યાર્ડમાં મગફળીની હરાજીનું કામકાજ દિવાળી પછી શરૂ કરવામાં આવનાર છે. તેની ખેડૂત મિત્રોએ ખાસ નોંધ લેવી.

### ભાવી યોજનાઓ

- વિજાપુર તાલુકા તથા બજાર વિસ્તારમાં ખેડૂત તાલીમ શિબિરો તથા પશુઓના કેમ્પો કરવાની યોજના.
- વિજાપુર તાલુકા તથા બજાર વિસ્તારના નાના તેમજ સિમાંત ખેડૂતોને ટપક સિંચાઈ યોજનામાં ૧૦ ટકાની સહાય તેમજ તાડપત્રીમાં ૫૦ ટકા સહાયની યોજના.
- કોલ્ડ સ્ટોરેજ બનાવવાની યોજના.
- વિજાપુર તાલુકા તથા બજાર વિસ્તારના જુથ અકસ્માત વિમામાં રૂપિયા એક લાખ આપવાની યોજના (ઉંમર ૫ થી ૭૦ વર્ષ વર્ષ માટે)
- વિજાપુર તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં મફત નોટબુક-ચોપડાઓનું વિતરણ કરવાની તથા શિક્ષણને ઉત્તેજન આપવા બાળકોને પ્રોત્સાહન માટે ઈનામ આપવાની યોજના.
- સ્વામી રામાનંદ સરસ્વતી ટ્રસ્ટ (ટી.બી. હોસ્પિટલ) વિજાપુરમાં મફત હડકવાની રસી આપવાની યોજના.
- તાલુકાના તથા બજાર વિસ્તારના નાના તથા સિમાંત ખેડૂત તેમજ તેમના પરીવારમાં શારીરીક કોઈપણ ગંભીર બિમારીમાં સર્જીકલ (ઑપરેશન) જેમકે કિડની, વાલ્વ, કેન્સર, હૃદયની બાયપાસ વગેરે રોગોમાં બજાર સમિતિ તરફથી કુલ ખર્ચના ૧૫ ટકા અથવા રૂા. ૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હશે તે આપવાની યોજના.

શ્રી રમણભાઈ ડી. પટેલ | શ્રી રમેશભાઈ એસ. પટેલ | શ્રી અતુલભાઈ બી. પટેલ

અનુસંધાન પ્રથમ પાનેથી...

રામ ક્રિશ્નનાં લગ્ન દક્ષિણ ભારતીય ચિત્રા સાથે થયાં છે અને એ એકદમ નોર્મલ છે. ચિત્રાબહેન મુંબઈમાં નેશનલ સ્ટોક એક્સચેન્જમાં સારા પદે બિરાજે છે. પોતાની સફળ કારકિર્દી માટે રામ ક્રિશ્ન પત્નીને પણ શ્રેય આપે છે.

રામ ક્રિશ્ન કહે છે કે મારા અંધત્વનો આજ સુધી તો કોઈએ ગેરલાભ ઉઠાવ્યો નથી.પણ કોઈ એવું કરે તો એકાદ પ્રસંગથી નિરાશ થવાનું કોઈ કારણ નથી. એમના જેવા પ્રજ્ઞાચક્ષુઓની ખૂબ સેવા કરે છે, અને આ સેવાની કદરરૂપે એમનો દિલ્હીમાં સોનિયા ગાંધી હસ્તે એવોર્ડ મેળવ્યો છે. (વધુ આવતા અંકે...)

## પ્રેમની નિશાની

પ્રેમની નિશાની છે તાજમહેલ,
પ્રેમીનું સરનામું છે તાજમહેલ.
જોવાનું છે તેમાં હૈયુ પ્રેમીનું,
હીરા-માણેકનો તાજ છે તાજમહેલ.
દીવાલોમાં ચણી લીધી દાસ્તાન,
દિલની તડપ છે તાજમહેલ.
બે ફૂલ મહેકાવશે પ્રેમને,
વિશ્વનું અજાયબ ફૂલ છે તાજમહેલ.
પ્રેમની તાકાત કોઈ શું જાણે ?
હૈયાની આરજૂ છે તાજમહેલ.
સખી મિશાલ છે પ્યારની તે,
સ્વપ્નનો મહેલ છે તાજમહેલ.

- દર્શિતા શાહ ''સખી''

## પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા વિકલાંગો માટે અવરોધ મુક્ત ગુજરાત અભિયાનનો પ્રારંભ

- દિવ્યેશ કુબાવત, રાજકોટ

પ્રેરણા ફાઉન્ડેશનનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યસ્તરે વિસ્તરેલું છે અને આ સંસ્થાની સ્થાપનાથી લઈને આજ દિન સુધી અનેક વિકલાંગજનો આ સંસ્થા સાથે જોડાયેલા છે. પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા ઉપરોક્ત ''અવરોધ મુક્ત ગુજરાત'' અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેની શરૂઆત રાજકોટ શહેરથી કરવામાં આવનાર છે અને આ માટે જરૂરી જે તે અધિકારીઓ મંત્રાલયો સાથે પત્ર વ્યવહાર કરીને અને દરેક જાહેર સ્થળો, શાળાઓ, યુનિવર્સિટીઓ, બાગ-બગીચાઓ, પર્યટન સ્થળો, જાહેર પરિવહનના સાધનો, રેલવે, બસ સ્ટેશનો (ડિસેબલ્ડ ફ્રેન્ડલી) ન બની રહે ત્યાં સુધી આ સંસ્થાના સભ્યો જીજ્ઞેશ ગોસ્વામી, દિવ્યેશ કુબાવત, હિરેન શેઠ, ધર્મેન્દ્ર સોની, હસમુખ કોરડીયા, કિશોર સોરઠીયા, ભીખુ બાવરીયા, દર્શન વોરા, અલ્પા મહેતા વગેરે સંકલ્પબધ્ધ થયા છે. વધુ માહિતી અને સુચનો માટે સંસ્થાના હેલ્પ લાઈન નં. ૯૪૨૮૦ ૩૫૦૩૪ પર સંપર્ક કરવા અનુરોધ

(ઑપરેશન) જેમકે કિડની, વાલ્વ, કેન્સર, હૃદયની બાયપાસ વગેરે રોગોમાં બજાર સમિતિ તરફથી કુલ ખર્ચના ૧૫ ટકા અથવા રૂા. ૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હશે તે આપવાની યોજના.

**શ્રી રમણભાઈ ડી. પટેલ**
**ચેરમેન**

**શ્રી રમેશભાઈ એસ. પટેલ**
**સેક્રેટરી**

**શ્રી અતુલભાઈ બી. પટેલ**
**વા. ચેરમેન**

**સદસ્યશ્રીઓ**

પટેલ રાજેન્દ્રભાઈ સાંકાભાઈ
પટેલ જ્યંતિભાઈ ગિરધરભાઈ
પટેલ જોઈતાભાઈ સોમાભાઈ
પટેલ બળદેવભાઈ નાથાભાઈ
પટેલ પ્રભુદાસ ઈશ્વરદાસ
પટેલ ભરતભાઈ શીવરામભાઈ
પટેલ ગાંડાભાઈ બેચરદાસ

પટેલ ભીખાભાઈ રામાભાઈ
પટેલ અરવિંદભાઈ પ્રહલાદભાઈ
પટેલ બચુભાઈ સાંકાભાઈ
પટેલ રમણભાઈ કાશીભાઈ
પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ
પટેલ દશરથભાઈ કાશીરામભાઈ
શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ. મંડળીઓ
શ્રી જીલ્લા ખેતી અધિકારી, જીલ્લા પંચાયત

**તથા કર્મચારી ભાઈઓ**

**ફાયર ફાઈટર - ૯૪૨૯૧ ૯૭૬૫૧, ૨૨૦૧૯૦ એમ્બ્યુલન્સવાન- ૯૪૨૯૧ ૯૭૬૫૨**

## ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લી. મહેસાણા (શિડ્યુલ)

હેડ ઓફિસ :- અર્બન બેન્ક રોડ, હાઈવે, મહેસાણા
ફોન નંબર :- ૦૨૭૬૨-૨૫૧૯૮,૨૫૨૬૮૧

### દીપાવલી પર્વની શુભકામના સાથે નૂતન વર્ષાભિનંદન

- બેન્ક તેના ૩૧મા વર્ષમાં પદાર્પણ સાથે રૂા. ૩,૧૦૦/- કરોડનો બીઝનેશ મેળવે છે. તે બદલ બેન્કના માનવંતા ગ્રાહકો અને જાહેર જનતાને અભિનંદન.
- આવનાર નૂતન વર્ષ સર્વેને સુખદાયી, આરોગ્ય અને સમૃદ્ધિ બક્ષે તેવી શુભેચ્છા.
- બેન્કની ૩૫ શાખાઓ દ્વારા લેટેસ્ટ ટેકનોલોજી સાથેની સેવાઓ ઉપલબ્ધ છે.
- આપને બેન્ક સાથે સંબંધ જોડવા હાર્દિક અપીલ.

**શ્રી અજીતભાઈ ટી. પટેલ**
**મેનેજીંગ ડીરેક્ટર**

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
**જનરલ મેનેજર**

**શ્રી ચંદુભાઈ આઈ. પટેલ**
**ચેરમેન**

**શ્રી કે. કે. પટેલ**
**વા. ચેરમેન**

સંસ્થાના સભ્યો જીજ્ઞેશ ગોસ્વામી, દિવ્યેશ કુબાવત, હિરેન શેઠ, ધર્મેન્દ્ર સોની, હસમુખ કોરડીયા, કિશોર સોરઠીયા, ભીખુ બાવરીયા, દર્શન વોરા, અલ્પા મહેતા વગેરે સંકલ્પબધ્ધ થયા છે. વધુ માહિતી અને સુચનો માટે સંસ્થાના હેલ્પ લાઈ નં. ૯૪૨૮૦ ૩૫૦૩૪ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ●

## વિકલાંગો માટે કલ્યાણકારી હેલ્પલાઈન સેવા

લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતના વિકલાંગો માટે **૯૪૨૮૦ - ૩૩૭૩૩** વિકલાંગ હેલ્પલાઈન સેવા કાર્યરત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન સેવા થકી વિકલાંગોને તમામ પ્રકારની સરકારની વિવિધ યોજનાઓ ઉપરાંત શૈક્ષણિક, સ્વરોજગાર, આરોગ્યની મુશ્કેલીઓમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વિધવા, નિરાધાર અને વૃદ્ધોને પણ ઉપરોક્ત સેવા પૂરી પાડવામાં આવે છે.


અમૃતભાઈ આર. પટેલ
મો.નં. ૯૭૨૩૮ ૭૧૮૧૦
મો.નં. ૮૧૪૧૦ ૩૬૭૫૧

ભગાભાઈ એમ. પટેલ
મો.નં. ૯૭૨૩૮ ૭૧૮૨૦

**સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ખેડૂત બંધુઓને દિપાવલીનું મહાપર્વ જીવનમાં સુખના રંગ લાવે તથા નવા વર્ષનું આગમન દરેકને પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...**

**નૂતન વર્ષાભિનંદન**

**અનુપમ ધરૂ ઉછેર કેન્દ્ર, માઢી**

અમારે ત્યાં ટામેટી, મરચાં, રીંગણ, ફુલાવર, કોબીજ, વરીયાળી અને તમાકુનો ધરૂ ગેરંટીથી મળશે.

**ઓર્ડર તથા એડવાન્સ બુકીંગ માટે મળો**

સ્થળ :-
માઢી-હસ્નાપુર રોડ, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ.મહેસાણા



PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL